# ગુરૂ દત્તાત્રેયના ૨૪ ગુરૂઓ અને તેમની પાસેથી મેળવેલ બોધ

## કડવા પાટીદારોની કુળદેવી શ્રી ઉમિયા માતા

સાંધણ પાનાં એક નું

હાલ મોલ્લોત વિભાગના શેષશાયી ભગવાનની જગ્યા છે ત્યાં હતું.

આ મંદિરને વિ.સંવત ૧૩૫૬ આસપાસ દિલ્હીના સુલતાન અલાઉદીન ખીલજીના સુબા ઉલુઘખાને તોડયું. તે વખતે માતાજીની મૂર્તિ મોલ્લોતોના મોટા માઢમા આજે ગોખ છે. ત્યાં રાખી માતાજીનું મંદિર ત્યાં હોવાને લીધે માતાજીની પલ્લી દર જેઠ સુદ બીજના રોજ હેલખેલના હળોતરા ભતવારી ચાર મોટા માટલાથીજોવાતા શુકન વગેરે ત્યાંથી થતું. વૈષ્ણવ વાણીયાઓ અનાજ વહોરવા આવતા અને તે અનાજથી શુકન જોવાતા અઢારમી ઓગણીસમી સદીમાં અંગ્રેજોના વખતમાં શાંતિનો સમય હતો. માતાજીનું ઇંચ ચુનાનું મંદિર હાલની જગ્યાએ થયું. કોણે અને કયારે બન્યાની માહિતી નથી મંદિરનો કિલ્લો વિ. સંવત ૧૮૭૩થી ૧૮૭૯ માં બન્યો.

મા ઉમિયાના ઇંટ ચુનાના મંદિરની જગ્યાએ નવિન પથ્થરનું મંદિર વિ. સંવત ૧૯૪૩ ઇ.સ. ૧૮૮૭માં તૈયાર કરવામાં આવ્યું. શ્રી રામચંદ્ર મનસુખલાલે કડવા પાટીદારના જુદાજુદા વિસ્તારના આગેવાનોની મીટીંગ વિ.સ. ૧૯૧૬ ઇ.સ. ૧૮૬૦મા બોલાવી ફંડ ફાળો કરી એક લાખ રૂપિયાનું ઉઘરાણું કર્યુ અને તેમણે વિ. સં. ૧૯૨૧ ઇ.સ. ૧૮૬૫મા ઇંટચૂનાના મંદિરની જગ્યાએ નવું મંદિર બનાવ્યું છે. તે બાદ અધુરા કામ માટે રાવબહાદુર બેચરદાસ અંબાઇદાસ લશકરીએ તા. ૧૮-૧-૧૮૮૩માં કડવા પાટીદાર સમાજના ૪૦૦ આગેવાનોની મીટીંગ અમદાવાદ પોતાના ઘરે બોલાવી લોકફાળો કર્યો અને વિ.સ. ૧૯૪૦મા પાટડી દરબાર અને રાવબહાદુર બેચરદાસ લશકરીની આગેવાનીમા મંદિર બાંધકામ અને વહીવટ માટે એક પંચની રચના કરી. જેમા ઊંઝા, કડી, ઉમતા, ચાણસ્મા, ઉપેરા, સરઢવ, લાધણજ, રૂપાલ, મહેસાણા અને પીલોદરાના આગેવાનો હતા. તે વખતે ગાયકવાડએ પણ માતાજીને ભેટ રૂપે રૂા. ૧૫૦૦ મોકલ્યા હતા. તા. ૨૫-૧૧-૧૮૮૪ની આ પંચની મીટીંગમાં કડવા પાટીદાર સમાજમાંથી ઘર દીઠ એક રૂપિયો ઊઘરાવવાનો ઠરાવ કર્યો. ઉઘરાવેલી રકમથી અધૂરુ બાંધકામ શરૂ થયું. મંદિરના બાંધકામ વિ.સંવત ૧૯૪૩મા પૂર્ણ કરી તા. ૬-૨-૧૮૮૭ના રોજ વાસ્તુપૂજન કરી મંદિર ખુલ્લુ મુકાયું. ગાયકવાડ સરકારે માતાજીને કિંમતી પોશાક ભેટ આપ્યા. બેચરદાસ લશકરીને પણ શાલ, જોટો અને પાઘડી ભેટ આપી તે વખતે શ્રી નાગરદાસ ઉગરદાસ પટેલ મોલ્લોત અને શ્રી કશળદાસ કિશોરદાસ પટેલ રૂસાતે સોનાનું શિખર ચડાવવાનો રૂા. ૨૦૦૦નો ચડવો લીધો.

તે બાદ તા. ૧-૪-૧૮૮૭ વિ.સ. ૧૯૪૩ મા માનસરોવર બાંધકામ શરૂ કરી ઇ.સ. ૧૮૯૫ વિ.સ. ૧૯૫૧માં પૂર્ણ કર્યું.

વિ. સંવત ૧૯૮૭ તા. ૨-૫-૧૯૩૧ મા માતાજી સંસ્થાનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું અને ઇ.સ. ૧૯૫૨માં સંસ્થાના ટ્રસ્ટની નોંધણી રજી. નં. અ/૯૪૩/મહેસાણાથી કરવામાં આવી.

### શ્રી ઉમિયા માતાજીનું મંદિર

- ઊંચાઇ ૬૩ ફૂટ - ૯ ઇંચ
- પૂર્વ પશ્ચિમ લંબાઇ ૮૬ ફૂટ - ૬ ઇંચ
- ઉત્તર-દક્ષિણ પહોળાઇ ૮૧ ફૂટ - ૬ ઇંચ
- રગમંડપ ૨૬ ફૂટ ૮ ઇંચ -૧૧ ફૂટ ૧ ઇંચ
- ચોકી ૧૧ ફૂટ ૧ ઇંચ × ૧૧ ફૂટ ૧ ઇંચ
- મડોવરની ઊંચાઇ ૧૫ ફૂટ-૭ ઇંચ
- મંદિરની જગતી ૪ ફૂટ - ૩ ઇંચ
- મંદિરની કર્ણપીઠ ૨ ફૂટ ૧૧ ઇંચ
- મંદિરના શિખરની ઊંચાઇ ૪૪ ફૂટ -૧ ઇંચ
- સ્થાપત્ય ચૌલુકય શૈલી
- લગભગ ૧૭૫ વર્ષ જૂનું બાંધકામ

### ઐતિહાસિક સંદર્ભમાં પાટીદારોની ઉત્પતિ

પાટીદારો આર્યો છે મધ્ય એશિયામાંથી પંજાબ આવ્યા ત્યાંથી સારા જમીન પાણી જોઇ જુદાજુદા વિસ્તારમાં ફેલાયા પંજાબમાં યુધ્ધો અને સંઘર્ષથી કંટાળી રાજસ્થાન થઇ ગુજરાત વસ્યા બીજી બાજુ ગંગા જમાનાના મેદાનો દ્વારા યુ.પી. બિહાર, નેપાળ સુધી ગયા કેટલાક મધ્યપ્રદેશ થઇ મહારાષ્ટ્રથી છેક તામિલનાડુ સુધી ફેલાયા ગુજરાતમાં જમીનની પાટીધારણ કરનાર 'પાટીદાર' બન્યા. ગાયકવાડીમા ખેતીના પટ રાખનાર પટેલનો હોદ્દો મેળવતો., યુ.પી. ખાતે કૃષિક્ષત્રિય તરીકે ઓળખાતી આ જાતિ કુર્મિમાંથી કુલમુ, કુનબી, કણબી થયા. આ કોમ ક્ષત્રિયમાંથી ખેતી પશુપાલન કરનાર પાટીદાર અને પછીથી પટેલ બન્યા તેઓ જયાં ગયા ત્યાં મા ઉમિયાની પૂજા કરતા રહ્યાં છે.

**૧.પૃથ્વી:** ઉપકારથી વખાણ અને અપકારથી જિંદા એ બે તરફ નિ:સ્પૃહા રાખવી. પહાડની પેઠે આચળપણું અને વૃક્ષની પેઠે પરોપકારપણું રાખવું.

**૨.પવન:** સ્વાદાનુસાર તે સ્તુતિનિંદાનો ત્યાગ કરવો.

**૩. આકાશ:** પરમાત્માની શકિત આકાશ પ્રમાણે સર્વમાં છે.

**૪.પાણી:** એ જેવું નિર્મળ છે અને જગતને શુદ્ધ કરે છે, તેવી રીતે જ્ઞાનીએ પાપરહિત થઇ બીજાને ઉપદેશ કરી શુદ્ધ કરવા.

**૫. અગ્નિ:** એની પેઠે જ્ઞાનીએ જે કંઇ મળે તે વાપરી નાખવું અને તેથી સંતોષ માનવો અને આપનારને આશીર્વાદ આપી તેને તેના પાપમાંથી મુકત કરવો.

**૬. ચંદ્રમા:** એ તેજમાં વધે છે છતાં પોતાને સ્વરૂપે તો તે તેનો તેજ છે. તેમ પરમાત્માનો પ્રકાશ અનેક યોનિમાં ઓછો વત્તો છે, છતાં પોતે એક અલગ સ્વપ્રકાશિત જ છે.

**૭.સૂર્ય:** એ પાણીને ચૂસે છે, ને પૃષ્ટિરૂપે પાછું આપે છે, તેમ જ્ઞાનીએ પોતાને જે મળે તેમાં લોભાઇ ન રહેતા સમાજને પાછું આપી દેવું જોઇએ. વળી બિંબ પાણીમાં પડવાથી ઘણા સૂર્ય દેખાય છે, પણ ખરી રીતે સૂર્ય ઘણાં નથી, તેમ પરમાત્માનો પ્રકાશ સર્વમાં હોવા છતાં તે પોતે એક જ છે.

**૮. કબુતર:** એને પેઠે માયાની પારામાં ન ફસાવું.

**૯. અજગર:** એના જેવી સ્થિતિ જ્ઞાનીએ રાખવી. ભિક્ષાને માટે ભટકવું નહિ. પણ પરમેશ્વર જે મોકલાવે તે ખાઇને પ્રસન્ન રહેવું.

**૧૦. સમુદ્ર:** એ કિનારાની આગળ વધતો નથી, તેમ જ ઘટતો પણ નથી. તેવી રીતે જ્ઞાનીએ લાભ -હાનિથી હર્ષ કે શોક ન કરવો.

**૧૧.પતંગીયું:** એ જંતુની પેઠે જ્ઞાનીએ સ્ત્રી, પુત્ર અને ધનના તેજમાં - મોહમાં ફસાવું નહિ. સ્ત્રીસંગ ન કરવો.

**૧૨. મધમાખી:** એ મધ એકઠું કરે છે, તે બીજાને માટે. આ પ્રમાણે જ્ઞાનીએ કસાનો પણ સંચય ન રાખત ઉપયોગ જેટલું વાપરી બાકીનું આપી દેવું.

**૧૩. હાથી:** એ કાયમની હાથણીને જોઇ ખાડામાં પડી જાય છે, તેમ જ્ઞાનીએ સ્ત્રીના મોહપાશમાં સપડાઇ ન જવું.

**૧૪. મધુ હા:** મધુહા એટલે મધમાખીઓ, મધમાખીઓ ઘણે શ્રમે અને ઘણે કાળે મધ એકઠું કરે છે. તે મધુહા સહેજમાં કાઢી લઇ જાય છે. તેથી જ્ઞાનીએ સંઘરેલું જ્ઞાન કે ધન બધું જ વાપરી નાખવું.

**૧૫. હરણ:** એ જેમ રાગ સાંભળતા ફસાઇ જાય છે, તેમ જ્ઞાનીએ સ્ત્રીનાં વચન સાંભળી તેને વશ ન થવું. ને તેનું ગાણું ન સાંભળવું.

**૧૬. માછલી:** એની પેઠે ખાવાની લોલુપતા રાખવાથી સપડાઇ જવાય છે, ને નાશ થાય છે.

**૧૭. પિંગળા - વેરાયા:** એણે જેમ પોતાનો પાપી ધંધો મૂકી દઇ હરિસ્મરણમાં જીવન વ્યતિત કર્યું અને અંતે મુકત પામી. તેમ જ્ઞાનીએ પોતાની ભૂલો સુધારીને જીવન-મુકતી મેળવવી જોઇએ.

**૧૮.સમડી:** એ માંસનો કકડો ચાંચમાં ઉપાડી ગઇ, પણ તેને બીજી સમડીઓ મળી માંસ ઝુંટવવા ખુબ ઘાયલ કરી. આખરે તેને માંસનો કકડો ત્યજી દીધો. ત્યારે તે બીજી સમડીઓનાં ભયમાંથી છૂટી. માથાનો ભય હોય છે, માટે જ્ઞાનીએ માથાનો ત્યાગ કરવો.

**૧૯. અજ્ઞાન બાળક:** એ કામાદિને વશ ન રહેતા વિરકત રહે છે ને પોતાની રમતમાં પ્રસન્ન રહે છે. તેમ જ્ઞાનીએ વિરકત રહી પ્રભુના સ્મરણમાં પ્રસન્ન રહેવું.

**૨૦. કુંવારી કન્યા:** એ એક દિવસ ઘરમાં એકલી છતાં પરોણાં આપેલા, તેમને સારું તેઓ ન જાણે તે માટે ચોખા ખાંડવા એક ઓરડીમાં બેઠી. ખાંડતા તેની ચુડીઓ ખખડવા લાગી, ત્યારે ને એક પછી એક ચૂડીઓ ઉતારતી ગઇ. જયારે એક રહી ત્યારે ન ખખડી. તેમ જ્ઞાનીએ એકલા રહી હરિસ્મરણ કરવું.

**૨૧.તીર બનાવનારો:** એ તીર બનાવવામાં એવો તલ્લીન થઇ ગયો હતો કે, ત્યાંથી રાજાની સપાટી ધામધૂમથી થઇ છતાં તેને ખબર પડી નહિ, એમ જ્ઞાનીએ સઘળી ઇન્દ્રિયો વશમાં રાખી એકાગ્રવૃત્તિથી. નારાયણનું ધ્યાન ધરવું.

**૨૨.સાપ:** એ પોતાના રહેવા માટે પોતે કંઇ ઘર બનાવતો નથી, પણ ઉંદરે તૈયાર કરેલું ઘર - દરમાં તે રહે છે. તેમ જ્ઞાનીએ પોતાને માટે ઘર ન બનાવવું, પણ જયાં રાત પડે ત્યાં રહેવું.

**૨૩. કરોળિયો:** એ પોતાના મોઢામાંથી તાર કાઢી પાછો ખાઇ જાય છે. તેઓ પરમેશ્વરને જાણવો. એટલે ઇશ્વર ચોર્યાસી લાખ યોનિ ઉત્પન્ન કરી અંતે સઘળાં જીવાત્માને પોતામાં સમાવી દે છે. તેમ જ્ઞાનીએ ભગવાનનાં ધ્યાનમાં લીન રહેવું જોઇએ.

**૨૪. ભમરી:** એ માટી વડે ઘટ તૈયાર કરે છે. તેમાં પ્રવેશવાનાં બાકાં રહેવા દે છે. પછી ઇયળ જેવાં જીવતા જીવડાને પકડી લાવી તેને દરમાં પુરી દંખ માર માર કરે છે. ડખના ત્રાસથી ઇયળ ત્રાસી જઇ. 'ઓ ભમરી આવી, ભમરી આવી' એમ તેના મનમાં રટયા કરે છે. ભમરીએ જે દરમાં ઇયળ રાખી હોય તે દર માટીથી બંધ કરી દે છે. થોડા સમય પછી તે ઇયળ બદલાઇ જઇ ભમરી બની જાય છે. તેમ જ્ઞાનીએ પણ મનમાં પ્રભુનું એવુ સતત રટણ કરવું કે અંતે તે પ્રભુરુષ બની જાય છે.



દત્ત મહારાજનું કાર્ય જ બોધ આપવાનું છે. આચરણ વિના આચાર્યના બોધની અસર રહેતી નથી. અસર પડતી નથી. દત્ત મહારાજે પોતાને માટે ચોવિસ ગુરુ બનાવ્યા, તેની સ્પષ્ટતામાં તેઓ જ કહે છે કે મને જે જીવનમાંથી સારો ગુણ ગ્રહણ કરવા જેવો લાગ્યો તે ગ્રહણ કર્યો અને તે જીવને મેં મારા ગુરુ તરીકે સ્વીકાર્યો છે. ગુણ ગ્રાહતાના સદ્‌ગુણને સમાજમાં પુષ્ટિ મળે તે માટે દત્ત મહારાજે ચોવીસ ગુરુ બનાવ્યા છે. ચોવિસ નામનોી યાદી મહત્ત્વની નથી, પરંતુ એમનો હેતુ મહત્ત્વનો છે. કુદરતી પ્રકૃતિ, તત્ત્વમાંથી પૃથ્વી, વાયુ, આકાશ, જલ, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, સમુદ્ર આઠને ગુરુ બનાવ્યા. માનવ સૃષ્ટિમાંથી બાલક, કુમારીકા, મધ એકઠું કરનાર, બાણ બનાવનાર, અને વેરપાને પણ ગુરુપદ આપ્યું. પશુ, પક્ષી જીવજંતુની સૃષ્ટિમાંથી કબુતર, કુંકરપક્ષી, અજગર, સર્પ, પતંગીયું, ભમરો, હાથી, હરણ, માછલી, કરોળીયો, ભમરી, કીડો આમ ચોવિસ ગુરુ બનાવ્યા છે કે જે આપણને ઉપર જાણ્યું.

**ફિરોઝ ડી. ગાર્ડ**
**(અમદાવાદ)**

## જેવો ભાવ તેવું ફળ

ભગવાનના દિવ્ય ચરિત્ર અને મનુષ્ય ચરિત્ર બંનેને દિવ્ય જાણે તેનો સત્સંગ દૃઢ સમજવો. ગોપીઓનો સત્સંગ દૃઢ હતો તો શ્રી કૃષ્ણનાં યોગ્ય-અયોગ્ય ચરિત્ર દેખીને ઇન્દ્ર અને બ્રહ્મા જેવા દેવ ભૂખ્યા પણ ગોપીઓ ભૂલી પડી નહિ. ગોપીઓને તો મનુષ્ય ચરિત્ર દેખીને ભગવાનમાં પ્રેમની વૃધ્ધિ થઇ. ભગવાનના ચરિત્રોમાં સંદેહ ન થાય તો સાધન માત્ર તેમાં આવી ગયા. ભગવાનનો આવો દૃઢ નિશ્ચય જેને હૃદયમાં થયો તેને સત્સંગનો કેફ વર્તે.

ભગવાનમાં જેવો ભાવ કલ્પે છે તેને તેવું ફળ મળે છે. આ વાતનું નિશદિન મનન કરવું. મનન કર્યા વિના તે વિસરાઇ જાય છે. તેથી મનુષ્ય ભાવ આવે છે.

**- બાવજીભાઇ સી. પરમાર(સુરત)**